જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૦૨/૨૦૨૬ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૨૮૬/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૭ કેસ કરી, ૪૩ વ્યક્તિઓને ઝડપી, ૨૨૬ લીટર દેશી દારૂ, ૨૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૪૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧૬૫ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૧૦ કેસ કરી, ૧૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૮,૯૬૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૨૮૭/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૨૮૮/૨૦૨૬**

ગુજરાત યુનિવર્સિટીઃ હેમન્દ્રસિંહ દિલીપસિંહ સોલંકી (ઉ.વ.૪૬) (રહે. કસ્તુરી કોમ્પલેક્ષ કોર્પોરેટ હાઉસ સામે બોડકદેવ) એ તા.૨૫/૦૨/૨૦૨૬ ના રોજ ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે એપ્રીલ–૨૦૨૪ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન રાજા કોમ્પલેક્ષ વિજય ચાર રસ્તા ખાતે બીજા માળે આવેલ મોર્ડન બીઝનેશ સોલ્યુશન નામની પેઢી તથા મોર્ડન મિલ્ક એન્ડ એગ્રો પ્રોડક્ટ ઈ પ્રા.લી. કંપની ખાતે આવેલ હેમન્દ્રસિંહની કંપની ખાતે આરોપી એસ.સીદ્ધાર્થ (રહે. મંદાકીની વિહાર, સહસ્ત્રધારા રોડ, દહેરાદુન, ઉતરાખંડ, હાલ રહે. રોઝા ગાર્ડનિયા, હાવરે સીટી રોડ, થાણે, મહારાષ્ટ્ર)નાઓ આવી હેમન્દ્રસિંહ સોલંકીને મળી કંપનીમા ધંધો કરી વધુ વળતર કમાઈ આપવાની અલગ–અલગ સ્કિમોની લાલચ આપી હેમન્દ્રસિંહ સોલંકી ને વિશ્વાસમાં લઈ, હેમન્દ્રસિંહ સોલંકી નાઓની અલગ–અલગ કંપની/ફર્મ મારફતે તેઓના કહેવા મુજબ અલગ–અલગ પાર્ટીઓના ખાતાઓમા ધંધાના બહાના હેઠળ તથા પોતાના અંગત ઉપયોગ માટે કુલ રૂપિયા ૧,૧૧,૬૮,૧૮૮/– ઓન લાઈન મેળવી લઈ, નક્કી થયા મુજબ કોઈ મસાલાનો માલ–સામાન કે સ્વેટરો નહી મંગાવી જે નાંણા અલગ–અલગ પાર્ટીઓ પાસેથી હેમન્દ્રસિંહ સોલંકીની જાણ બહાર રોકડ રૂપિયા પરત મેળવી લઈ જે રૂપિયા પરત હેમન્દ્રસિંહ સોલંકીની કંપનીમા જમા નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.આર.બાવા ચલાવે છે.

વટવાઃ બાબુભાઇ દેવાજી માળી (ઉ.વ.૫૦) (રહે. રમ્ય કુંજ જલધારા સોસાયટી મુખીની વાડી સામે વટવા ઇસનપુર રોડ નારોલ) એ તા.૨૫/૦૨/૨૦૨૬ ના રોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે વટવા મમતા સોસાયટી પાસે "ઝાંઝર જવેલર્સ" નામની બાબુભાઇ માળીની દુકાન ખાતે અગાઉ કામ કરતા આરોપી જગદિશભાઇ હકમાજી માળી (ઉ.વ.૨૧) (રહે. ગજાનંદ હીલ સોસાયટી ડીવાઇલ લાઇફ સ્કુલ પાસે વટવા કેનાલ રોડ વટવા, મુળ વતન. ગામ–માળીવાસ તા–દાંતીવાડા જી–બનાસકાંઠા) તથા સંજયભાઇ વિનુભાઇ ઠાકોર (ઉ.વ.૨૫) (રહે. મમતા સોસાયટી પાણીની ટાંકીની બાજુમાં વટવા) એ ભેગા મળી તા.૦૬/૧૦/૨૦૨૫ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન બાબુભાઇ માળીનો વિશ્વાસ કેળવી "ઝાંઝર જવેલર્સ" ખાતે જુદા–જુદા ગ્રાહકો મોકલી નકલી સોનાની ચેઇનને અસલી સોનાની ચેઇન બતાવી રૂપિયા ૭,૦૦,૦૦૦/–જેટલી રકમ પડાવી લઇ બાબુભાઇ માળી સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.કે.જાડેજા ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર ચાદી નં.૨૮૯/૨૦૨૬**

કાલુપુરઃ અબ્દુલ હિસાબુદ્દીન શેખ (ઉ.વ.૩૯) (રહે. છીપા સોસાયટી મોહન તલાવડા દાણીલીમડા) એ તા.૨૫/૦૨/૨૦૨૫ ના રોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૦૨/૨૦૨૫ સવારના ૭/૪૫ વાગ્યાના સુમારે કાલુપુર રેલવે સ્ટેશન થી પોતાના ઘરે જવા માટે શટલ ઓટોરિક્ષામાં બેઠા હતા દરમ્યાન અજાણ્યો રીક્ષા ચાલક તથા રીક્ષામાં બેસેલ અન્ય ત્રણ પુરૂષએ ભેગામળી અબ્દુલ શેખને "રીક્ષામાં બેસતા ફાવતું નથી" તેમ કહી રેલવે સ્ટેશન બહાર નિકળવાના રસ્તા ઉપર ઓટોરિક્ષામાંથી અબ્દુલ શેખને નીચે ઉતારી જતા રહ્યા હતા. ત્યારબાદ અબ્દુલ શેખ નાઓએ પોતાના ખિસ્સામાં જોતા રોકડ રૂપિયા ૪૦,૦૦૦/– જણાઇ આવેલ નહી. જે ઓટોરીક્ષા ચાલક તથા રિક્ષામાં બેસેલ ત્રણ પુરૂષોએ અબ્દુલ શેખની નજર ચુકવી તેમના પેન્ટનાં ખિસ્સામાંથી રોકડ રૂપિયા ૪૦,૦૦૦/– ચોરી કરી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ટી.કે.બ્રહમટ્ટ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી